# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-08-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ગુજરાત સતત બીજી વખત આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમે
- રાજ્યમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત એક લાખથી વધુ વનબંધુ સાડા પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના માલિક બન્યા
- માનવ કલ્યાણ યોજના 2.0 અંતર્ગત રાજ્યના નાના ધંધા-રોજગાર કરતા કારીગરોને સાધન-ઓજારની ખરીદી માટે ઇ-વાઉચર અપાશે.
- રાજ્યમાં આજથી 12 ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM NITI AYOG

રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. નીતિ આયોગે જાહેર કરેલા સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઇન્ડેક્સના ચોથા અહેવાલમાં આ માહિતી સામે આવી છે. આ અહેવાલ મુજબ, ગુજરાત રાજ્ય સતત બીજી વખત આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ સિદ્ધિ બદલ આરોગ્યકર્મીઓની કામગીરીને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ ક્રમાંક માટે માતા મૃત્યુદર, 5 વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર, બાળકોનું રસીકરણ, સંસ્થાકીય પ્રસુતિ, ટીબીના કેસની નોંધણી સહિતના આરોગ્ય અને સુખાકારીના સંદર્ભે 11 જેટલા આરોગ્ય વિષયક માપદંડોની સમીક્ષા કરવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયાના એક સંદેશમાં કહ્યું, રાજ્યને આ સિદ્ધિ માતા અને બાળ મૃત્યુદરમાં મોટો ઘટાડો, સંસ્થાકીય પ્રસુતિ તેમ જ બાળકોના સંપૂર્ણ રસીકરણમાં મોટો વધારો કરવાના કારણે હાંસલ થયો છે. ઉપરાંત, ચેપી રોગો જેવા કે, ટીબી નિયંત્રણમાં ઉત્કૃષ્ટ કામગીરી તેમ જ H.I.V.-એઈડ્સના પ્રસરણમાં મોટા પાયે થયેલા ઘટાડા તથા મેડિકલ અને પેરા-મેડિકલ માનવ બળમાં થયેલા વધારાના કારણે પણ રાજ્યને આ સિદ્ધિ મેળવવામાં સફળતા મળી છે.

------------------

## VANBANDHU JAMIN MALIK

આગામી નવમી ઑગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત એક લાખથી વધુ વનબંધુ સાડા પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના માલિક બન્યા છે. વન અધિકાર અધિનિયમ 2006 કાયદા અંતર્ગત સરકારે વ્યક્તિગત તેમ જ સામુદાયિક કુલ 1 લાખ 2 હજાર 612 દાવા મંજૂર કર્યા છે. આના કારણે 5 લાખ 59 હજાર 332 હેક્ટર જમીન વનબંધુ માટે માન્ય રાખવામાં આવી છે.

વર્ષ 2023માં આવેલી મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત લાભાર્થીઓને પશુ સહાયનો લાભ, બકરાં ઉછેર માટે સહાય વગરેનો લાભ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ 2023-24માં 39 કરોડ 82 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં 16 હજાર 980 લાભાર્થીઓને તેનો લાભ અપાયો છે.

----------------------

## MANAV KALYAN YOJANA 2.O

રાજ્યના નાના ધંધા-રોજગાર કરતા કારીગરો માટે સરકારે પહેલી જુલાઈથી "માનવ કલ્યાણ યોજના 2.O" અમલમાં મૂકી છે. રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, હવે લાભાર્થીઓ પોતાના મનપસંદ સાધન-ઓજારની ખરીદી જાતે જ કરી શકે તે માટે ટૂલકિટના ઇ-વાઉચર અપાશે. લાભાર્થીઓ આ માટે ઈ-કુટીર પૉર્ટલ પર અરજી કરી શકશે.

શ્રી રાજપૂતે કહ્યું, નવી યોજના અંતર્ગત લાભાર્થીઓને પાયાની કૌશલ્ય તાલીમનો પણ વિકલ્પ અપાશે. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ

ટેક્નોલોજી સંસ્થાન, R.S.E.T.I. સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા પાંચ દિવસની કૌશલ્ય તાલીમ અપાશે. તાલીમ મેળવવા ઈચ્છુક લાભાર્થીઓને હાજરીના આધારે દૈનિક 500 રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ અપાશે.

આ ઉપરાંત લાભાર્થીઓ આ યોજના અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકારની પીએમ સ્વનિધિ યોજના, શ્રી વાજપેઈ બેન્કેબલ યોજના, દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના તથા અન્ય બેન્કેબલ યોજનાઓ હેઠળ ધિરાણ માટે અરજી પણ કરી શકશે.

આ યોજનોનો લાભ સેન્ટ્રીંગ કામ, વાહન સમારકામ, ભરતકામ, પ્લમ્બર, બ્યૂટી પાર્લર, ઇલેક્ટ્રિક એપ્લાયેન્સીઝ રિપેરીંગ, દૂધ-દહીં વેચનાર, પાપડ બનાવનાર, અથાણા બનાવનાર અને પંચર કરતા કારીગરો લઈ શકશે.

-------------------

## ELI YOJNA –MANDAVIYA

રોજગાર સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના - ELI હેઠળ દેશમાં બે વર્ષમાં 2 કરોડથી વધુ નોકરીઓનું સર્જન કરવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ELI યોજનાના અમલીકરણ અંગે બેઠકના અધ્યક્ષસ્થાનેથી આ વાત કરી હતી.

શ્રી માંડવિયાએ કેન્દ્રીય બજેટ 2024-25માં જાહેર કરાયેલી 'રોજગાર સાથે સંબંધિત પ્રોત્સાહન' ELI યોજના ઝડપથી અમલમાં મૂકવાની સૂચના આપી હતી. રોજગારીના સર્જનને સરળ બનાવવા અને નોકરીદાતાઓ અને કર્મચારીઓને પ્રોત્સાહન આપતી ELI યોજનાનો લાભ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે, તેમ મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓને જરૂરિયાતમંદ નાગરિકો સુધી આ યોજનાની માહિતી રોજગારવાંચ્છુક નાગરિકો સુધી પહોંચાડવા જાગૃતિ અભિયાન હાથ ધરવા અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય બજેટ 2024-25માં 'રોજગાર સાથે સંબંધિત પ્રોત્સાહન' માટેની ત્રણ યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી, જે 5 વર્ષનાં ગાળામાં 4 કરોડ 1 લાખ યુવાનો માટે રોજગારી, કૌશલ્ય અને અન્ય તકોની સુવિધા પ્રદાન કરશે.

----------------

## INDUSTRY Z CERTIFICATE

ગુણવત્તાયુક્ત ઔદ્યોગિક ઉત્પાદન માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલી સર્ટિફિકેશન પ્રોસેસ ઝીરો ઇફેક્ટ, ઝીરો ડિફેક્ટ અંતર્ગત ગુજરાતના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સૌથી વધુ પ્રમાણન થયું છે. સમગ્ર દેશમાં સોથી વધુ ૪૧ હજાર ૫૫૬ ઉદ્યોગોને ઝેડ સર્ટિફિકેટ ગુજરાતને મળ્યું છે. તેમાં ૬૮ સુવર્ણ, ૯૦ રજત અને ૪૧ હજાર ૩૯૮ કાંસ્ય પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

ઝેડ સર્ટિફિકેટ લેવામાં રાજકોટ ૯ હજાર ૬૯૨ ઉદ્યોગો સાથે સૌથી આગળ છે. જ્યારે અમદાવાદમાં કુલ ૮ હજાર ૮૩૧ ઝેડ સર્ટીફિકેટધારકો છે.

-----------------

## MACHIMARI SEASON

રાજ્ય સરકારે માછીમારીની નવી સીઝન પહેલી ઓગસ્ટના બદલે ૧૫ ઓગસ્ટથી શરુ કરવાના નિર્ણય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલનો આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે અગાઉ પહેલી જૂન થી ૩૧ જુલાઈના સમયગાળા દરમિયાન માછીમારી બંધ સીઝન જાહેર કરવામાં આવી હતી. પણ ગ્લોબલ વોર્મિંગના પરિણામે ઋતુચક્રમાં આવેલા પરિવર્તનથી છેલ્લા ૫-૭ વર્ષથી ચોમાસામાં ખાસ કરીને ઓગસ્ટ મહિનાની શરૂઆતના દિવસો દરમિયાન દરિયામાં લોપ્રેશર અને તોફાન આવતા હોય છે. તેને પગલે  રાજ્ય સરકારે આ વર્ષે ૧૫ ઓગસ્ટથી માછીમારી સીઝન શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

માછીમાર અને બોટ એસોસિએશનના પ્રતિનિધિ વેલજીભાઇ મસાણીએ આભાર વ્યક્ત કરતાં આમ જણાવ્યું હતું.

(બાઇટ- વેલજીભાઇ મસાણી)

.................

# GIR SOMNATH THELI VITARAN

ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ ગીર જંગલને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના "રૂંધાય છે શ્વાસ હવે કુદરતનો, ઉપયોગ બંધ કરો પ્લાસ્ટિકનો" વિષયવસ્તુ સાથે નવા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.

આ અભિયાન અંતર્ગત ગીરગઢડા તાલુકાના બાબરિયા ખાતેથી પાતાળેશ્વર મહાદેવ મંદિરના ભક્તો પ્લાસ્ટિકની જગ્યાએ કાપડની થેલીનો ઉપયોગ કરે તે

માટે દર્શનાર્થીઓને બાયોડિગ્રેબલ બેગ અપાશે. આ અભિયાન અંગે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ માહિતી આપી હતી.

**(બાઈટ - દિગ્વિજયસિંહ જાડેજા, કલેક્ટર)**

. . . . . . . . . . . . . . . . .

## SEOC-bethak

ગાંધીનગર, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - SEOC ખાતે વેધર વોચ ગૃપની બેઠક યોજાઈ હતી. જેમાં અધિક કલેક્ટર કલ્પના ગઢવીએ રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આજથી ૧૨ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારે અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, આ અંગે અધિક કલેકટરે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે સાવચેત રહેવા જણાવ્યું હતું.

હાલમાં પરિસ્થિતિને ધ્યાને રાખી વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય તથા બંધ રોડ-રસ્તા સત્વરે પૂર્વવત કાર્યરત થાય તે અંગે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટને જરૂરી કાર્યવાહી કરવા તથા સરદાર સરોવર ડેમ અને નદીઓના લેવલ અંગે લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

------------------

## WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન આવતીકાલથી 12 ઓગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, નવસારી, વલસાડ, સુરત સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ઘણાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે, અને કચ્છ તેમજ સૌરાષ્ટ્રનાં જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા સહિતના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

દરમિયાન આજે રાજ્યનાં 96 તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. તાપીના નીઝરમાં પોણો એક ઇંચ વરસાદ નોંધાયો હતો.

------------------

## NMD - SARDAR SAROVAR

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં વધારો થઇ રહ્યો છે. હાલ ડેમની સપાટી 125.78 મીટર પર પહોંચી છે. ઉપરવાસમાંથી 93 હજાર 353 ક્યુસેક પાણીની આવક જ્યારે 39 હજાર 705 ક્યુસેક પાણીની જાવક થઇ રહી છે. ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે. મહત્તમ સપાટી સુધી પહોંચવામાં 14 મીટર બાકી છે. હાલ ડેમ 60 ટકા જેટલો ભરાયો છે.